# વડાપ્રધાનનું કતાર, દોહામાં આગમન

ફેબ્રુઆરી 14, 2024

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે કતારની સત્તાવાર મુલાકાતે દોહા પહોંચ્યા. વડાપ્રધાનની કતારની આ બીજી મુલાકાત છે, તેઓ પહેલીવાર જૂન 2016માં કતાર ગયા હતા.

2. વડાપ્રધાનનું એરપોર્ટ પર વિદેશ રાજ્ય મંત્રી શ્રી સોલતાન બિન સાદ અલ-મુરૈખીએ સ્વાગત કર્યું હતું.

3. વડાપ્રધાન તેમની બે દિવસની મુલાકાત દરમિયાન, આજે રાત્રે કતારના વડાપ્રધાન મહામહિમ શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ થાની દ્વારા તેમના સન્માનમાં આયોજિત રાત્રિભોજનમાં હાજરી આપશે. 15 ફેબ્રુઆરીએ, વડાપ્રધાન કતારના અમીર, મહામહિમ શેખ તમીમ બિન હમાદ અલ થાનીને મળશે અને દ્વિપક્ષીય તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વાતચીત કરશે.

**દોહા 14**
**ફેબ્રુઆરી, 2024**